# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-04-2025 Day: Sunday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## વક્ફ સુધારા મંજૂરી

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વક્ફ સુધારા બિલને પોતાની મંજૂરી આપી દીધી છે. આ સાથે આ બિલ હવે કાયદો બની ગયું છે. સંસદે આ અઠવાડિયે આ બિલ પસાર કર્યું. લોકસભામાં આ બિલના પક્ષમાં 288 મત પડ્યા અને તેની વિરુદ્ધ 232 મત પડ્યા. રાજ્યસભામાં ૧૨૮ સભ્યોએ તેના પક્ષમાં મતદાન કર્યું અને ૯૫ સભ્યોએ તેની વિરુદ્ધ મતદાન કર્યું. રાષ્ટ્રપતિએ મુસ્લિમ વક્ફ રદ બિલ, 2025 ને પણ મંજૂરી આપી દીધી છે..

-----------------------------------------------------------------------------------

## રામનવમી: દેશમાં ઉજવણી

આજે દેશભરમાં રામ નવમી ધાર્મિક ઉત્સાહ અને ધામધૂમથી ઉજવવામાં આવી રહી છે. આ તહેવાર ભગવાન વિષ્ણુના સાતમા અવતાર ભગવાન રામના આગમનને ચિહ્નિત કરે છે. ચૈત્ર મહિનાની નવમી તિથિએ રામનવમી ઉજવવામાં આવે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ દેશવાસીઓને રામ નવમીની શુભેચ્છા પાઠવી છે. તેમણે કહ્યું કે ભગવાન રામનું જીવન આપણને સત્ય, ધર્મ અને નૈતિકતાના માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપે છે. રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે આ પ્રસંગ લોકોને બલિદાન અને નિઃસ્વાર્થ પ્રેમના મૂલ્યોને સ્વીકારવા માટે પ્રેરણા આપે છે.

-----------------------------------------------------------------------------------

## ભારત-શ્રીલંકા મંત્રણા

ભારતની સલામતી અને પ્રાદેશિક સ્થિરતાને અસર થાય તે રીતે શ્રીલંકાનાં પ્રદેશનો ઉપયોગ કરવા દેવાશે નહીં. શ્રીલંકાનાં રાષ્ટ્રપ્રમુખ અનુરા કુમાર દિસાનાયકેએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે ગઇકાલે દ્વિપક્ષીય મંત્રણા કર્યાં બાદ પત્રકાર પરિષદમાં આ મુજબ જણાવ્યું હતું શ્રી દિસાનાયકેએ વિવિધ આપત્તિઓ દરમિયાન ભારતે આપેલા સમર્થન માટે ભારતનો આભાર માન્યો હતો.

જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતની પાડોશી દેશ પહેલાની નિતી અંતર્ગત શ્રીલંકાનું સંપૂર્ણ સહકાર આપવાનો દ્રઢ નિર્ધાર વ્યકત કર્યો છે.

---------------------------------------------------------------------------------

## <u>જિલ્લામાં રામનવમી પર્વની ઉજવણી</u>

મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રી રામ નાં જન્મોત્સવ પર્વ રામ નવમીની આજે સમગ્ર જિલ્લામાં ઉજવણી થઈ રહી છે વિવિધ નગરો અને ગામોમાં શોભા યાત્રા હવન મહા આરતી સહિતનાં કાર્યક્રમો યોજાશે ભુજમાં પ્રાચીન એવા ઉપલી પાળ પર આવેલ રઘુનાથજી મંદિર તેમજ અખંડ રામધૂનનાં સ્થળ રામ દરબાર ખાતે બપોરે 12 વાગ્યે રામ જન્મોત્સવ ઉજવાશે પુરાણ પ્રસિદ્ધ એવા અબડાસા તાલુકા નાં મોટી બેર નજીક આવેલ રામવાડા ખાતે આ પર્વ પરંપરાગત રીતે ઉજવાશે ભુજ તાલુકાનાં વાંઢાયનાં રામ મંદિરમાં પર્વ ઉજવાશે

આજે સ્વામિનારાયણ સંપ્રદાય ના સંસ્થાપક સહજાનંદ સ્વામી નો જન્મોત્સવ જિલ્લાના વિવિધ સ્વામિનારાયણ મંદિરો માં રાત્રે દસ વાગ્યે તેની ઉજવણી થશે એ અગાઉ બપોરે બાર વાગ્યે રામ જન્મ ની ઉજવણી થશે.

અંજારમાં રામનવમી પર્વ નિમિત્તે રાજ્યની બીજી મોટી શોભાયાત્રા આજે નીકળશે વિશાળ શોભાયાત્રામાં **73** જેટલી વિવિધ ઝાંખી ઓ વિવિધ માર્ગો પર થી પસાર થશે. **તો ગાંધીધામ શહેર રોશનીથી આકર્ષક સજાવવામાં આવ્યું છે. આજે બપોરે રામનવમી પર્વ નીમિત્તે 68 જેટલા વિવિધ સમાજ, સંસ્થાઓના સહયોગથી એટલી જ સંખ્યાની વિવિધ ઝાંખીઓ સાથેની શોભાયત્રા નીકળશે.**

---

## હવામાન

**કચ્છમાં ચૈત્ર માસની શરૂઆતમાં જ સતત બે દિવસથી આકરા તાપને કારણે ભુજ રાજ્યની સાથે દેશનું મોખરાનું ઉષ્ણમથ બની રહ્યું છે. ગઇકાલે ભુજમાં 42.9 ડિગ્રી તો અંજાર ગાંધીધામમાં 44 ડિગ્રી મહત્તમ તાપમાન રહેતા તાપની આણ યથાવત રહી હતી. હવામાન વિભાગે હજુ બે દિવસ ગરમીનું રેડ એલર્ટ અને તે પછીના ત્રણ દિવસ માટે ઓરેન્જ અલર્ટ જારી યુઁ છે. લોકોને શક્ય હોય ત્યાં સુધી ગરમીથી બચવાના ઉપાયો રવા, પાણી વધુ પીવુ, તડકામાં નીકળવું પડે તો સીધા તાપથી શરીરને બચાવવાની સલાહ તંત્ર દ્વારા આપવામાં આવી છે.**

---

## ક્રિકેટ: આઇપીએલ

આઇપીએલની પ્રવર્તમાન શ્રેણી માં આજે ગુજરાત ટાઇટન્સ અને સન રાઇઝર હૈદરાબાદ વચ્ચે હૈદરાબાદ ખાતે મુકાબલો થશે આ મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે

---

## શાળા સમય ફેરફાર-શિક્ષણમંત્રી

પ્રાથમિક શાળાના બાળકો “હીટવેવ”નો શિકાર ન થાય તે માટે જિલ્લા શિક્ષણાધિકારી ગરમીનું પ્રમાણ જોઇને શાળાના સમયમાં ફેરફાર કરી શકશે. પ્રાથમિક વિભાગની શાળાઓ માટેની માર્ગદર્શિકા જાહેર કરતા શિક્ષણ  રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યું છે કે**,** રાજ્યનાં તમામ જિલ્લાઓના શિક્ષણ અધિકારીએ આ માટે રાજ્ય સરકાર પાસે  મંજૂરી મેળવવાની રહેશે નહિ.

વિધાર્થીઓ ઉનાળાના સમયગાળા દરમિયાન મેદાનમાં રમતગમતની પ્રવૃતિઓ કરી શકશે નહિ. અને શિક્ષકોએ વિધાર્થીઓને સમયસર પાણી પીવાનું યાદ કરાવવાનું  રહેશે.

---